પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫૩ | ૧૨ ઓગસ્ટ, ૨૦૨૧, ગુરૂવાર; શ્રાવણ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# હિમાચલ પ્રદેશમાં ભૂસ્ખલન : અનેક દટાયાની આશંકા

### કિન્નૌર જિલ્લાના રેકોંગ પીઓ-શિમલા હાઈવે પરની ઘટનામાં ભેખડો નીચે અલગ-અલગ વાહનોમાં ૫૦-૬૦ લોકો દબાયા હોવાનું તંત્રનું અનુમાન

શિમલા, તા.૧૧

પહાડી રાજ્ય હિમાચલમાં ભેખડો ધસી પડતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૪૦ જેટલાના મોત થયા હોવાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટના કિન્નૌર જિલ્લાના રેકોંગ પીઓ-શિમલા હાઈવે પર બપોરે ૧૨.૪૫ કલાકની આસપાસ બની હતી. જેમાં એક બસ પણ દટાઈ ગઈ છે, જેમાં ૪૦થી વધુ લોકો સવાર હતાં. ભેખડો હેઠળ દટાયેલા કેટલાક નાના વાહનોમાંથી ૭ લોકોને બચાવવામાં આવ્યા છે. હજુ સુધી હેવી મશીનરી ના આવી હોવાથી રેસ્ક્યુ ઓપરેશનને પૂરજોશમાં શરુ નથી કરી શકાયું.

કિન્નૌર જિલ્લાના એસપી સંજુ રામ રાણાના જણાવ્યા અનુસાર, ભાબાનગર પોલીસ સ્ટેશનની હદમાંથી પસાર થતાં નેશનલ હાઈવે પર આ ઘટના બની છે. હાલ પોલીસ ઉપરાંત, આઈટીબીપી, હોમ ગાર્ડ્સ અને રેસ્ક્યુ ટીમ દ્વારા લોકોને બચાવવાની કામગીરી ચાલી રહી છે.

આ દુર્ઘટનાની જે તસવીરો સામે આવી રહી છે તેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, હાઈવે પર પડેલા મહાકાય પથ્થરો અને માટીની નીચે કેટલાક વાહનો દટાઈ ગયા છે. રાજ્યના સીએમ જયરામ ઠાકુરના જણાવ્યા અનુસાર, એક બસ અને કાર આ ઘટનામાં દબાઈ ગયા છે. હાલ પોલીસ અને સ્થાનિક તંત્ર રેસક્યુ ઓપરેશન ચલાવી રહ્યા છે. એનડીઆરએફને પણ એલર્ટ પર રાખવામાં આવી છે. ઘટનાની વધુ વિગતો હજુ મેળવાઈ રહી છે.

પીએમ મોદીએ પણ આ અંગે રાજ્યન સીએમ જયરામ ઠાકુર સાથે વાત કરીને તેમને કેન્દ્ર



સરકાર વતી તમામ મદદ પૂરી પાડવાની ખાતરી આપી હતી.

બીજી તરફ, એ પણ જાણવા મળી રહ્યું છે કે ઘટના સ્થળ પર હજુય પથ્થરો તેમજ માટી પડી રહ્યા હોવાના કારણે રેસ્ક્યુ ઓપેરશન ટીમને કામગીરી કરવામાં ખૂબ જ મુશ્કેલી આવી રહી છે. રાજયના સીએમના જણાવ્યા અનુસાર કાટમાળ નીચે ફસાયેલા લોકોની સંખ્યા ૫૦-૬૦ જેટલી હોઈ શકે છે.

જે બસ આ ઘટનામાં દબાઈ ગઈ છે તે રેકોંગ પીઓથી હરિદ્વાર જઈ રહી હતી. સરકારી બસમાં ૪૦થી વધુ લોકો સવાર હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. આ સિવાય બીજા પણ કેટલાક વાહનો તેમાં દબાયા છે. કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે પણ આ અંગે આઈટીબીપીના ડીજી સાથે વાત કરી સ્થિતિની સમીક્ષા કરવા ઉપરાંત, ફસાયેલા લોકોને બચાવવા ટીમ તૈનાત કરવા જણાવ્યું છે. અમિત શાહે હિમાચલના સીએમ સાથે પણ વાત કરીને તમામ મદદ પહોંચાડવાનું આશ્વાસન આપ્યું છે.

શિમલામાં વિધાનસભા પરિસરની બહાર હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે, બસ ઉપરાંત કેટલાક વાહનો પણ દબાયા હોવાની જાણકારી મળી છે.

નોંધનીય છે કે, આ પહેલા કિન્નૌરના સાંગલા-છિતકૂલ રોડ પર ૨૫ જુલાઈએ ભૂસ્ખલનની ઘટના બની હતી. અહીં પહાડથી ખડકો પડવાથી એક ટૂરિસ્ટ વાહન ઝપટમાં આવી ગયું હતું. તેમાં ૯ લોકોના મોત થયા હતા, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા હતા.

# ઓબીસી બિલ રાજ્યસભામાં પણ વિરોધ વિના પસાર

### ઓબીસીની યાદી અંગે રાજ્યો માટે સારા સમાચાર : રાજ્ય સરકારો તેની પોતાની યાદી તૈયાર કરી શકશે, રાષ્ટ્રપતિની મંજૂરી બાદ કાયદો અમલમાં આવશે

નવી દિલ્હી, તા.૧૧

'બંધારણ (૧૨૭ મો સુધારો) બિલ, ૨૦૨૧', અન્ય પછાત વર્ગ (ઓબીસી) જાતિઓને ઓળખવા અને સૂચિબદ્ધ કરવાના રાજ્યોના અધિકારને પુનઃ સ્થાપિત કરીને, બુધવારે રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું. આ પછી, બિલને રાષ્ટ્રપતિની મંજૂરી મળતાં જ રાજ્યો ઓબીસી જાતિઓની યાદી જાતે તૈયાર કરી શકશે. આ માટે રાજ્યોએ કેન્દ્ર પર નિર્ભર રહેવું પડશે નહીં.

આ બિલ લોકસભામાં પહેલેથી જ પસાર થઈ ચૂક્યું છે, હવે તેને રાજ્યસભા દ્વારા પણ પસાર કરવામાં આવ્યું છે. વિપક્ષી દળોએ આ બિલ પર સરકારને ટેકો આપવાની વાત કરી હતી, ત્યારબાદ આ સુધારા વિધેયક પસાર થવાનું નિશ્ચિત માનવામાં આવતું હતું. રાજ્યસભામાં વિધેયકની શાંતિપૂર્ણ ચર્ચા થઈ અને વિપક્ષના સભ્યોએ કોઈ હંગામો કર્યો નહીં. ચોમાસું સત્રમાં આ બીજી વખત છે જ્યારે આ ઉપલા ગૃહમાં ચર્ચા દરમિયાન કોઈ હંગામો થયો ન હતો.

કેન્દ્ર સરકાર જે સુધારા વિધેયક લાવ્યું છે, તેમાં એવી જોગવાઈ છે કે રાજ્ય સરકારો હવે ઓબીસીની યાદી તૈયાર કરી શકશે. એટલે કે હવે રાજ્યોને ઓબીસીમાં કોઈપણ જાતિનો સમાવેશ કરવા માટે કેન્દ્ર પર આધાર રાખવો પડશે નહીં. આનો અર્થ એ થયો કે હવે રાજ્ય સરકારો તેમના ઓબીસી સમુદાયમાં કોઈપણ જાતિનો સમાવેશ કરી શકશે.

કોંગ્રેસે બિલ પર ચર્ચા દરમિયાન કહ્યું કે જૂની ભૂલ સુધારી લેવામાં આવી છે. કોંગ્રેસના સાંસદ અભિષેક મનુ સિંઘવીએ કહ્યું કે, મોડું થઈ ગયું છે. ૨૦૧૮ માં સુધારો લાવીને, કેન્દ્રએ દેશના દરેક રાજયના અધિકારક્ષેત્રને નાબૂદ કરી દીધું હતું. એ જ ભૂલ હવે સરકાર સુધારી રહી છે.

સિંઘવીએ કેન્દ્ર પર જાતિ ગણતરીથી ભાગવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું, 'તમે જાતિની વસ્તી ગણતરીથી કેમ ભાગી રહ્યા છો? તમે કેમ ખચકાટ

● અનુસંધાન પાન-૭ પર

# કોવેક્સીન અને કોવિશીલ્ડ મિક્સિંગની DCGIની મંજૂરી

### મિક્સિંગ પર ભારત એક ડગલું વધુ આગળ વધ્યું

નવી દિલ્હી,તા.૧૧

કોરોના વાયરસની બે રસીના મિક્સિંગ પર ભારત એક ડગલું વધુ આગળ વધી ગયું છે. હવે ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ કોવેક્સીન અને કોવિશીલ્ડ વેક્સિનની મિક્સિંગ પર સ્ટડી માટે પોતાની મંજૂરી આપી દીધી છે. આ સ્ટડી અને ક્લિનિકલ ટ્રાયલ કરવાની જવાબદારી વેલ્લોરની ક્રિશ્વન મેડિકલ કોલેજને મળી છે. અહેવાલ પ્રમાણે કેન્દ્રીય દવાનિયામકની સબ્જેક્ટ એક્સપર્ટ કમિટીએ ૨૯ જુલાઈએ આ સ્ટડી કરાવવા માટે સલાહ આપી હતી. બેઠક દરમિયાન એક્સપર્ટ કમિટીએ સીએમસી, વેલ્લોરને ચોથા ફેઝના ક્લિનિકલ ટ્રાયલ કરવા માટેની મંજૂરી આપવાનું સૂચન કર્યું હતું.

આ ટ્રાયલમાં ૩૦૦ સ્વસ્થ વોલેન્ટિયર્સ પર કોવિડ-૧૯ની કોવેક્સિન અને કોવિશીલ્ડ વેક્સિનના મિક્સિંગના પ્રભાવની તપાસ કરવામાં આવશે. આ સ્ટડીનો ઉદ્દેશ્ય તે જાણવાનો છે કે શું કોઈ વ્યક્તિના પૂર્ણ રસીકરણ માટે તેને એક ખોરાક કોવેક્સિન અને બીજો ડોઝ કોવિશીલ્ડનો આપી શકાય છે. આ પ્રસ્તાવિત સ્ટડી હાલમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા કરવામાં આવેલી સ્ટડીથી અલગ છે. આઈસીએમઆરે ઉત્તર પ્રદેશના તે લોકો પર રિસર્ચ કર્યું છે, જેને ભૂલથી બે અલગ-અલગ કોરોના વિરોધી વેક્સિનના ડોઝ આપવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



હર હર મહાદેવ - શ્રી સોમનાથ મંદિર ખાતે શ્રાવણ સુદ ત્રીજના દિવસે શ્રી સોમનાથ મહાદેવને ચંદનનો વિશેષ શ્રુંગાર કરવામાં આવ્યો હતો... હજારો ભાવિકોએ પાવન શ્રાવણમાં ચંદનના શ્રુંગારના દર્શન કરી ધન્યતા અનુભવી હતી...

# સંસદ સભ્યોના અશોભનિય વર્તનથી વેંકૈયા નાયડૂ વ્યથિત

નવી દિલ્હી, તા.૧૧

રાજ્યસભામાં અમુક વિપક્ષી સાંસદોના અમર્યાદિત વર્તનના કારણે સભાપતિ એમ. વેંકૈયા નાયડુ એટલા વ્યથિત થયા હતા કે આજે સંસદની કાર્યવાહી શરુ થતાં જ તેમણે એક ભાષણ આપીને તેની નિંદા કરી. તેમણે ઉભા થઈને કડક શબ્દોમાં ગઈકાલના સાંસદોના વર્તનની ટીકા કરી. આ દરમિયાન તેઓ ભાવુક થઈ ગયા અને લગભગ રડી પડ્યા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગૃહમંત્રી અમિત શાહ, પીયૂષ ગોયલ અને અન્ય બીજેપી સાંસદો આજે સવારે વેંકૈયા નાયડુને મળ્યા હતા. શક્ય છે કે ગઈકાલે જે સાંસદોએ સંસદમાં હોબાળો કર્યો હતો તેમની સામે સભાપતિ દ્વારા કાર્યવાહી પણ કરવામાં આવે.

રાજ્યસભા શરુ થતા પહેલા સભાપતિ વેંકૈયા નાયડુએ ગઈકાલની ઘટના પર ક્ષોભ વ્યક્ત કર્યો અને કહ્યું કે, ગઈકાલે સંસદમાં જે થયું તેની નિંદા કરવા માટે તેમની પાસે શબ્દો નથી.

તેમણે કહ્યું કે, સંસદ લોકતંત્રનું સર્વોચ્ચ મંદિર હોય છે અને તની પવિત્રાતા જાળવવી જરુરી છે. તેમણે જણાવ્યું કે- હું અત્યંત દુખ સાથે કહેવા માટે ઉભો થયો છું કે આ સંસદની ગરિમાનો જે પ્રકારે ભંગ કરવામાં આવ્યો છે તે ઘણું ચિંતાજનક છે. મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા જે પ્રકારે વિવિધ ધર્મોના પવિત્ર સ્થળ છે, તેવી રીતે દેશના લોકતંત્રનું મંદિર આપણી સંસદ છે. ટેબલ એરિયા, જ્યાં મહાસચિવ અને પીઠાસીન પદાધિકારી બેસે છે તેને સંસદનું ગર્ભગૃહ માનવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

# આંધ્રમાં ઓક્સિજનની તંગીથી કેટલાકનાં મોત થયાં હતાં : કેન્દ્ર

### ઓક્સિજનની અછતથી મોત થયાનું સરકારે સ્વિકાર્યું

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે મંગળવારે સંસદમાં જણાવ્યું હતુ કે, આંધ્ર પ્રદેશમાં ઓક્સિજનની તંગીના કારણે કોરોનાની બીજી લહેર દરમિયાન કેટલાક લોકોના મોત થયા હતા. સરકારના કહેવા પ્રમાણે બીજી લહેર દરમિયાન કેટલાક દર્દીઓ જેઓ વેન્ટિલેટર સપોર્ટ પર હતા તેમના મૃત્યુ આ કારણે જ થયા હતા.

કેન્દ્ર સરકારે પહેલી વખત સ્વીકાર્યું છે કે, કોરોનાની બીજી લહેર દરમિયાન દેશમાં ઓક્સિજનની તંગીના કારણે દર્દીઓએ જીવ ગુમાવ્યો. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે ૯ ઓગષ્ટ, ૨૦૨૧ના રોજ આંધ્ર પ્રદેશ સરકાર દ્વારા આ જાણકારી સોંપવામાં આવી છે જેને હવે સંસદના માધ્યમથી જણાવવામાં આવી રહી છે.

સરકારે સંસદમાં જણાવ્યું હતું કે, આંધ્ર પ્રદેશ સરકારના કહેવા પ્રમાણે ૧૦ મે, ૨૦૨૧ના રોજ એસવીઆરઆર હોસ્પિટલમાં વેન્ટિલેટર સપોર્ટ પર

**૯ ઓગષ્ટે આંધ્ર પ્રદેશ સરકાર દ્વારા જાણકારી સોંપવામાં આવી છે જેને હવે સંસદના માધ્યમથી જણાવવામાં આવી**

રહેલા કેટલાક દર્દીઓના મોત થયા હતા. પ્રાથમિક તપાસમાં એ વાત સામે આવી છે કે, ઓક્સિજન ટેક અને બેકઅપ સિસ્ટમમાં ફેરફારની વચ્ચે ઓક્સિજન લાઈનમાં પ્રેશર ઘટવાથી દર્દીઓને તકલીફ પડી હતી. ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા કેન્દ્ર સરકારે સંસદમાં નિવેદન આપ્યું હતું કે, રાજ્ય સરકારો દ્વારા જે આંકડાઓ આપવામાં આવ્યા છે તેમાં ક્યાંય નથી કહેવામાં આવ્યું કે, કોઈ દર્દી ઓક્સિજનની તંગીના કારણે મૃત્યુ પામ્યા છે. જોકે રાજ્ય સરકારોએ સ્વીકાર્યું છે કે, બીજી લહેર દરમિયાન ઓક્સિજનની ભારે તંગી હતી. પરંતુ કોઈ દર્દીના મૃત્યુ પાછળ તેને કારણ નહોતું માનવામાં આવ્યું. સરકારના આ જવાબ પર ખૂબ જ હોબાળો થયો હતો. વિપક્ષી પાર્ટીઓએ કેન્દ્ર સરકાર પર નિશાન તાક્યું હતું. જ્યારે ભાજપના કહેવા પ્રમાણે કેન્દ્રએ ફક્ત એ જ રિપોર્ટ આપ્યો છે જેના આંકડા રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવ્યા છે.

# કર્ણાટકમાં છેલ્લા ૫ દિવસમાં ૨૪૨ બાળકો કોરોના સંક્રમિત

### આ બાળકો પૈકી ૧૦૬ બાળકોની વય તો ૯ વર્ષ કરતાં ઓછી જ્યારે ૧૩૬ બાળકો ૯ અને ૧૯ વર્ષની વચ્ચેના છે

બેંગલુરૂ, તા.૧૧

કોરોનાની ત્રીજી લહેરમાં બાળકોને વાયરસ ટાર્ગેટ કરી શકે છે તેવી આશંકા કેટલાક જાણકારોએ વ્યક્ત કરી હતી.

કર્ણાટકમાં છેલ્લા પાંચ દિવસથી આ પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે અને છેલ્લા પાંચ દિવસમાં ૨૪૨ બાળકો કોરોનાથી સંક્રમિત થયા હોવાનુ સૂત્રોનુ કહેવુ છે. જેના પગલે કોરોનાની ત્રીજી લહેરની શરૂઆત થઈ હોવાની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

બેંગ્લોર કોર્પોરેશનના કહેવા પ્રમાણે છલ્લા પાંચ દિવસમાં ઓછામાં ઓછા ૨૪૨ બાળકોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે અને જાણકારો માની રહ્યા છે કે, આ ત્રીજી લહેરની શરૂઆત હોઈ શકે છે. આ બાળકો પૈકી ૧૦૬ બાળકોની વય તો ૯ વર્ષ કરતા ઓછી છે. જ્યારે ૧૩૬ બાળકો ૯ અને ૧૯ વર્ષની વચ્ચેના છે.

બીજી તરફ રાજ્યમાં મંગળવારે કોરોનાના નવા ૧૩૩૮ કેસ સામે આવ્યા હતા અને આ દરમિયાન ૩૧ લોકોના મોત પણ થયા હતા.સ્વાસ્થ્ય વિભાગના અધિકારીના કહેવા પ્રમાણે આગામી કેટલાક દિવસોમાં કોરોના કેસમાં ત્રણ ગણો વધારો થઈ શકે છે અને આ એક મોટો ખતરો છે.

કર્ણાટક સરકારે પહેલા જ તમામ જિલ્લાઓમાં નાઈટ અને વીક એન્ડ કરફ્યુનુ એલાન કરેલુ છે.ઉપરાંત કર્ણાટકને જોડતા રાજ્યો કેરલ અને મહારાષ્ટ્રની બોર્ડર પર પ્રવેશ માટે નિયંત્રણો મુકવામાં આવ્યા છે. દરમિયાન સરકાર રાજ્યમાં ૧૬ ઓગસ્ટથી આંશિક લોકડાઉન લગાવવાનુ પણ વિચારી રહી છે.

# લોકસભાની ૧૭ બેઠકમાં ૨૧ કલાક ૧૪ મિનિટનું કામકાજ

### લોકસત્રભાનું ચોમાસુ સત્ર ૧૯ જુલાઈથી શરૂ થયું હતું

નવી દિલ્હી , તા.૧૧

સંસદના ચોમાસુ સત્રમાં લોકસભાની બેઠક બુધવારે અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવી છે. પેગાસસ જાસૂસી મામલો, ત્રણ કેન્દ્રીય કૃષિ કાયદાને પરત લેવાની માંગ સહિત અન્ય મુદ્દા પર વિપક્ષી દળોના હોબાળા વચ્ચે સત્રના કામકાજમાં વિઘ્ન પડતું રહ્યું અને માત્ર ૨૨ ટકા કામ થઈ શક્યું છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સવારે કાર્યવાહી શરૂ થવા પર જણાવ્યું કે, ૧૭મી લોકસભાની છઠ્ઠી બેઠક ૧૯ જુલાઈ ૨૦૨૧થી શરૂ થઈ અને આ દરમિયાન ૧૭ બેઠકોમાં ૨૧ કલાક ૧૪ મિનિટનું કામકાજ થયું. તેમણે કહ્યું કે ગૃહમાં કામકાજ અપેક્ષા પ્રમાણે રહ્યું નથી.

બિરલાએ જણાવ્યુ કે, વિક્ષેપોને કારણે ૯૬ કલાકમાંથી આશરે ૭૪ કલાક કામકાજ થઈ શક્યું નહીં. લોકસભા અધ્યક્ષે કહ્યું કે, સતત વિઘ્નને કારણે માત્ર ૨૨ ટકા કામ થઈ શક્યું છે.

**પેગાસસ, કૃષિ કાયદા અને અન્ય મુદ્દા પર વિપક્ષી દળોના હોબાળા વચ્ચે સત્રનું કામકાજ માત્ર ૨૨ ટકા થયું**

તેમણે કહ્યું કે, આ સત્ર દરમિયાન બંધારણ (૧૨૭મું સંશોધન) બિલ સહિત કુલ ૨૦ બિલ પાસ કરવામાં આવ્યા છે. બિરલાએ જણાવ્યુ કે ચોમાસુ સત્ર દરમિયાન ૬૬ તારાંકિત પ્રશ્નોના મૌખિક ઉત્તર આપવામાં આવ્યા અને સભ્યોએ નિયમ ૩૭૭ હેઠળ ૩૩૧ મામલા ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે, આ દરમિયાન વિભિન્ન સ્થાયી સમિતિઓએ ૬૦ ટકા રિપોર્ટ પ્રસ્તુત કર્યા, ૨૨ મંત્રીઓએ વ્યક્તવ્ય આપ્યા અને મોટી સંખ્યામાં પત્ર સભા પટલ પર રાખવામાં આવ્યા. તેમણે કહ્યું કે સત્ર દરમિયાન ઘણા નાણાકીય અને કાયદાકીય કામો હાથ ધરવામાં આવ્યા હતા.

આ પહેલા બિરલાએ ગૃહને ચાર પૂર્વ સભ્યોના નિધનની જાણકારી આપી અને તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાના વ્યક્તવ્ય બાદ વંદે માતરમની ધુન વગાડવામાં આવી અને ગૃહની બેઠકોને અનિશ્ચિતકાળ સુધી સ્થગિત કરી દેવામાં આવી.